**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯–૨–૧૫ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

:: :: :: ::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૮–૧–૨૦૧૫ ના પત્ર નં.સી.મી.સ/૮/૧૯ થી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ) ને ધી ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ–૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવા બાબતના કામે સમિતિની સભામાં હાજર રહેલા શહેરી વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ)માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરવા તેમજ તે મુજબના સુધારા કર્યા બાદ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ)ને ધી ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ–૪૮ (૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે સરકારશ્રીમાં સાદર કરવા, જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મોજે ભીમરાડના બ્લોક નં. ૨૨/પૈકી થી મોજે: સરસાણા બ્લોક નં. ૧૪૬/પૈકી/એ થી મોજે : ખજોદ, બ્લોક નં. ૧૭/એ, ૧૭/બી થઈ બ્લોક નં. ૧ સુધીના ૨૪.૦૦ મીટર પહોળાઈના ડી.પી. રસ્તાને સામેલ નકશામાં દર્શાવ્યા મુજબ મોજે ભીમરાડના બ્લોક નં. ૨૨ પૈકી, ૨૦૧પૈકી, મોજે સરસાણા બ્લોક નં. ૧૪૬/પૈકી/એ, ૧૪૬/પૈકી/બી, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા મોજે ખજોદના બ્લોક નં. ૧૭૭/પૈકી/૧, ૧૭/એ, ૧૭/બી, ૧૭૭/પૈકી/૨ વિગેરે તરફે ૬.૦૦ મીટર વધારી રસ્તાની પહોળાઈ ૩૦.૦૦ મીટર કરવા સુધારો કરવો તથા તેને આનુસાંગિક આયોજનમાં ફેરફાર કરવા.

(૨) મોજે: સરસાણામાં આવેલ કન્વેન્શન સેન્ટરની આસપાસ વાહન વ્યવહાર તથા પાર્કિંગની સુગમતા માટે સામેલ નકશામાં દર્શાવ્યા પ્રમાણે ૯૦.૦૦ મીટરના રીંગરોડથી મોજે: ખજોદના બ્લોક નં. ૨૦૭ તથા બ્લોક નં. ૨૦૯ વચ્ચેથી પસાર થતા ૧૮.૦૦ મીટર પહોળાઈના રસ્તાની પશ્ચિમ તરફે ૧૨.૦૦ મીટર વધારી ૩૦.૦૦ મીટરનો કરવો તથા સદર ૩૦.૦૦ મીટરનો રસ્તો બ્લોક નં. ૧૩૩ માંથી પસાર કરી પશ્ચિમ તરફે આવેલ ઉપરોક્ત મુદ્દા નં. ૧ મુજબના રસ્તા સાથે જોડાણ આપવા અંગેનો સુધારો કરવો તથા તેને આનુસાંગિક આયોજનમાં ફેરફાર કરવા.

(૩) મુદ્દા નં. ૨ મુજબનો ૩૦.૦૦ મીટર પહોળાઈનો રસ્તો મૂકવાથી મૂળખંડ નં. ૪૦/૬ માં દરખાસ્તમાં ફાળવેલ અંતિમખંડના ક્ષેત્રફળમાં ઘટાડો થાય તેમ હોય તથા સદર મૂળખંડમાં પ્લાન મંજુર થયેલ હોય, દરખાસ્ત મુજબ ફાળવેલ અંતિમખંડ મુજબનું ક્ષેત્રફળ જળવાય રહે તે મુજબ વધારાની કપાતને સરભર કરવા અલગ અંતિમખંડ મિલ્કતદારશ્રીને, એપ્રોપીએટ ઓથોરીટીને ફાળવવા સુચવેલ અંતિમખંડ નં."આર–૩૨", "સેલ ફોર રેસીડેન્સીયલ" પૈકીની જગ્યામાંથી ફાળવવા જરૂરી સુધારો કરવો તથા તેને આનુસાંગિક આયોજનમાં ફેરફાર કરવા.

(૪) સરકારશ્રી ધ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સને કન્વેન્શન સેન્ટરના હેતુ માટે ફાળવેલ જમીનના મુળખંડ નં. ૪૨/બી માંથી "આર–૨૫", "ડીસ્ટ્રીકટ સેન્ટર"નું રીઝર્વેશન રદ કરવું.

(૫) મોજેઃ સરસાણાના બ્લોક નં. ૭૯, ૮૦ સામે સુચવેલ ફા.પ્લોટ નં. ૨૮, ૨૯ વાળી જગ્યાને યોગ્ય બીલ્ડેબલ પ્લોટ મળતો ન હોવાથી તથા એપ્રોપીએટ ઓથોરીટીને સદર મૂળખંડના લોકેશન પર યોગ્ય આકાર / ક્ષેત્રફળનો અંતિમખંડ જાહેર હેતુ માટે ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી સદર મૂળખંડોને સામેલ નકશામાં દર્શાવ્યા મુજબ અન્ય મૂળખંડોમાં તેટલા જ ક્ષેત્રફળના અંતિમખંડ ફાળવી સદર મૂળખંડોને એપ્રોપીએટ ઓથોરીટીના જાહેર હેતુ માટે અનામત અંતિમખંડ તરીકે સ્થિત કરવા તથા તેને આનુસાંગિક આયોજનમાં ફેરફાર કરવા.

(૬) મોજેઃ સરસાણા, ખજોદના ગામતળની આસપાસના સ્થાનિક રહેવાસીઓની રજુઆત / વાંધા / સુચનો ધ્યાને લેતા તેઓને બિનજરૂરી હાડમારી ન પહોંચે તે હેતુથી સામેલ પત્રક મુજબના ૧૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા મૂળખંડ નંબરો વાળી જગ્યામાં થતી કપાત દૂર કરવી તથા તેને આનુસાંગિક સુધારા કરવા.

**ઠરાવ નં. ૨/૨૦૧૫ સર્વાનુ મતે મંજુર**

સ.ર.મ્યુ. કમિશ્નરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા.૯–૦૨–૨૦૧૫